# "SUDARSHAN"

Weekly E-bulletin of Rotary club of Surat

3rd December 21-22

Rotary club of Surat

SERVE TO CHANGE LIVES

Issue -18

R.I. President
**Shekhar Mehta**

District Governor
**Santosh Pradhan**

President
**Bhishma Jariwala**

Hon. Secretary
**Nikhil Madrasi**

Editor
**R'ann Manjari Desai**

We meet every Friday
Dr. Sarosh Bhacca Memorial Rotary Hall,
Jeevan Bharti School Annexe, Timaliawad,
Nanpura, Surat - 395001
For Private Circulaion only

## ‘દિવાળી ઉજવણી’

શુક્રવાર, તા. ૨૯.૧૦.૨૦૨૧

**આજે તો બસ મન ભરીને મળવું છે.**

**નથી બળવું, નથી કળવું, નથી છળવું**

**બસ ઢળવું છે, હળવું છે, ગપ્પા મારવા છે.**

આવા પ્રેમાળ, હેતાળ વિચારો સાથે સૌ રોટરી પરિવારના મિત્રો તા. ૨૯/૧૦/૨૦૨૧ ને શુક્રવારે દિવાળી ઉજવણી નિમિત્તે મળ્યા. વિચારોની આપલે કરી – મજાક – મસ્તી કરી – અને વાતોના વમળમાં ખોવાઈ ગયા. એકબીજાને દિલની શુભેચ્છાઓ આપી. સેન્ડવીચ અને આઈસ્કીમની મિજબાની કરી. આ હતી દિવાળી પૂર્વની આનંદમય મિટીંગ.

## નૂતન વર્ષાભિનંદન

શુક્રવાર, તા. ૧૨.૧૧.૨૦૨૧

**ચાલો જરા મળી લઈએ**

**સંબંધોની ભાત વણી લઈએ.**

આનંદમય દિવાળી મિલન પછી રોટરી પરિવારના મિત્રો પણ ઉમંગ, ઉત્સાહ, પ્રેમ અને મૈત્રી સાથે નૂતન વર્ષાભિનંદન કહેવા મળી ગયા. એકમેકને આવનાર વર્ષ માટે શુભેચ્છાઓ પાઠવી કે – સૌનું વર્ષ આનંદમય, સ્વાસ્થ્યપ્રદ અને પ્રગતિકારક નિવડે. ટેસ્ટફૂલ નાસ્તો કરી સૌ હસતા – રમતા છૂટા પડ્યા.


## Business Close Meeting


શુક્રવાર, તા. ૧૯.૧૧.૨૦૨૧ ના રોજ Business Close મિટિંગ નું આયોજન કરવામાં આવેલ હતું જેમાં મોટી સંખ્યામાં રોટેરીયન સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. નિયત અજેન્ડા મુજબ કાર્યવાહી કરવામાં આવી હતી જેમાં વર્ષ ૨૦૨૨-૨૩ ની ટીમ માટે ઉમેદવારના સૂચનો આવ્યા હતા અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.



# DGND તુષાર શાહનો શુભેચ્છા સમારંભ







તા. ૨૬/૧૧/૨૦૨૧ સુરત રોટરી કલબના જ ભૂતપૂર્વ સભ્ય અને પાસ્ટ પ્રેસિડન્ટ તુષારભાઈ શાહની **DGND** તરીકે નિમણૂંક થઇ છે, એ આનંદ અને ગૌરવની વાત છે. એમને શુભેચ્છા અને અભિનંદન પાઠવવા રોટરી ક્લબ ઓફ સુરતના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા. હંમેશની માફક ભૂપેન્દ્રભાઈ અને રૂપેશભાઈ દ્વારા પિરસાયેલી વાનગી આરોગી સૌ ૮.૧૫ કલાકે રોટરી હોલમાં પધાર્યા. રાષ્ટ્રગાન દ્વારા રાષ્ટ્રને સન્માન આપ્યું. મિટીંગનો દોર નિખિલભાઈએ આગળ વધાર્યો. ફોર વે ટેસ્ટ નું વાંચન જિલ્પા શેઠે કર્યું. ભીષ્માબેને તુષારભાઈ અને નેહલબેનની રોટરી સમર્પિત જોડીને આવકારી પસ્થિત સૌને ભાવભીનો આવકાર આપ્યો. સાથેજ સુગંધીદાર ધૂપસળી બુકેથી ભીષ્માબેન અને નિખિલભાઈએ આ અણમોલ જોડીનું સ્વાગત કર્યું. ત્યારબાદ એકપછી એક રોટરી ધુરંધરોએ તુષારભાઈને અભિનંદન આપતા એમની વિશેષતાઓ જણાવી, એમની સાથેના અનુભવો વર્ણવ્યા. ઘણી નહી જાણીતી રસપ્રદ વાતો જાણવા મળી. આ મિત્રો હતા રો. નિમિષ મહેતા, PDG હિતેશભાઈ જરીવાળા, ડૉ. અજય મહાજન, રો. કમલભાઈ ગાંધી, રો. તેજસભાઈ ગાંધી. સૌ પાસ્ટ પ્રેસિડન્ટો તથા કમિટી સભ્યો દ્વારા આપણા સૌની શુભેચ્છા સહ સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી.

ત્યાર પછી હંમેશ નિતનવું કરનાર સેક્રેટરી શ્રી નિખિલભાઈએ તુષારભાઈ અને નેહલબેનનો ઈન્ટરવ્યુ શરૂ કર્યો. થોડી અંગત વાતો તો થોડી રોટરી ની. સૌને ખૂબ મજ્જા આવી.

તુષારભાઇએ પોતાના વક્તવ્યમાં પોતાના રોટરી ક્લબ ઓફ સુરત સાથેના અજોડ સંબંધનો ઉલ્લેખ કર્યો અને પોતાની જ રોટરી સાથેની સ્મૃતિઓ વાગોળી. પોતાના વિચારો રજૂ કર્યા અને પ્રેક્ષકોના સવાલોના જવાબ પણ સચોટ આપ્યા.

સેક્રેટરી નિખિલભાઈએ આવનાર કાર્યક્રમોની જાહેરાત કરી અને રો. પાર્ટનર અમિષાબેન કિનખાબવાલાએ વર્ષગાંઠ અને એનિવર્સરી શુભેચ્છાઓ પાઠવી. રો. સંદિપભાઈ નાણાવટીના આભાર દર્શન પછી ભીષ્માબેને સભા પૂર્ણ થવાની જાહેરાત કરી.

પ્રોજેક્ટસ

PEACEBUILDING AND CONFLICT PREVENTION | DISEASE PREVENTION AND TREATMENT | WATER, SANITATION, AND HYGIENE | MATERNAL AND CHILD HEALTH | BASIC EDUCATION AND LITERACY | COMMUNITY ECONOMIC DEVELOPMENT | ENVIRONMENT

## બાલ આંગણવાડી



### ‘ભૂલકાઓનું સ્મિત’

નાના ભૂલકાંઓ કૂમળા છોડ સમા હોય છે છોડને વ્હાલ રૂપે નાસ્તા રૂપી ખાતર – પાણી આપણે આપવાનું છે અને એ દ્વારા આંગણવાડીના બાળકોનો ખિલખિલાટ, કિકીયારીનો આનંદ આપણને મળશે. આપણી હૂંફથી એઓ ફૂલશે – ફલશે. આ પ્રવૃત્તિ દ્વારા એમની નજીક જઈને ઉષ્મા અને વ્હાલ આપનાર રોટેરિયન મિત્રો હતા......

તા. ૨૩/૧૦/૨૦૨૧ રો. વિનીત પંચાલ અને મેહાલી પંચાલ સાથે નાનકડો જહાન પણ
તા. ૩૦/૧૦/૨૦૨૧ રો. હર્ષદ કિનખાબવાલા અને રો. પાર્ટનર અમિષા કિનખાબવાલા સાથે હતી સાચી
તા. ૨૦/૧૧/૨૦૨૧ રો. મનિષ હલવાવાલા અને રો. પાર્ટનર સોનલ હલવાવાલા સાથે હતા રો. પાર્ટનર અમિષા કિનખાબવાલા
તા. ૨૭/૧૧/૨૦૨૧ રો. દિપકભાઈ ગાંધી અને રો. પૂર્ણિમાબેન ગાંધી.

---

## ભૂખ્યા ને ભોજન

### દયા ધરમ કા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન, તુલસી ધ્યાન છોડીયે, જબતક હૈ તન મેં પ્રાણ.




શાસ્ત્ર દ્રષ્ટિએ કળિયુગમાં દાનને ધર્મનો પર્યાય ગણવામાં આવ્યો છે સંત શિરોમણી તુલસીદાસ કહે છે કે ધર્મનું મૂળ દયા, કરૂણા, ઉદારતા અને પ્રેમમાં સમાયેલું છે. ભગવાન, દરિદ્રનારાયણના હૈયે વસે છે આથી અન્નદાન એક ઉમદા કાર્ય છે. કહી શકાય કે એ પ્રત્યેકની ફરજ છે.એમાંથી મળતો આત્મ સંતોષ એજ પરમ પુણ્ય છે. રોટરી ક્લબ ઓફ સુરતના અવિરત ચાલતા પ્રોજેક્ટ ભૂખ્યાને ભોજનમાં પોતાનો ફાળો આપનાર ઉમદા વ્યક્તિઓ છે......

તા. ૨૧/૧૦/૨૦૨૧ રો. વિનીત પંચાલ અને મેહાલી પંચાલ તથા નાનકડો જહાન પણ
તા. ૨૮/૧૦/૨૦૨૧ પી.પી. ભૂપેન્દ્રભાઈ જરીવાલા અને આશાબેન જરીવાલા
તા. ૦૪/૧૧/૨૦૨૧ રો. મહેશ માલી અને રો. પાર્ટનર રીના માલી
તા. ૧૮/૧૧/૨૦૨૧ ચાર્વી ચોકસી (આશિષભાઈ ચોકસી ના દિકરી – આશિષભાઈની વર્ષગાંઠ નિમિત્તે)
તા. ૨૫/૧૧/૨૦૨૧ રો. રાજેન શાહ

ખૂબ જ ઉત્સાહી અને સેવાભાવી એવા રો. દક્ષાબેન શાહ અને રો. કુંદનભાઈ શાહ ઉપરના દર્શાવેલ દિવસોએ હાજર રહયા અને પોતાનો ફાળો આપ્યો એ ખરેખર પ્રશંસનીય છે.

# FEAR STRIKES

2000 – Y2K is going to destroy everything !

2001 – Anthrax is going to kill us all !

2002 – West Nile Virus is going to kill us all !

2003 – Sars is going to kill us all !

2005 – Bird Flu is going to kill us all !

2006 – Ecoli is going to kill us all !

2008 – Financial Collapse is going to kill us all !

2009 – Swine Flu is going to kill us all !

2012 – The Mayan Calendar predicts the World ending !

2013 – North Korea is going to cause WW III !

2014 – Ebola Virus is going to kill us all !

2015 – ISIS is going to kill us all !

2016 – Zika Virus is going to kill us all !

2020 – Coroa Virus is going to kill us all !

**The truth is FEAR is going to kill you….**

**Turn off the TV.**

## THE ROTARY FOUNDATION RECOGNITION POINTS

Foundation recognition points are awarded to donors who contribute to The Rotary Foundation through the Annual Fund, the PolioPlus Fund, or an approved global grant. Donors receive one Foundation recognition point for every U.S. dollar contributed to these funds. Contributions to the Endowment are not eligible.

Donors can extend Foundation recognition points to other individuals to help them become, or to name them as, a Paul Harris Fellow or Multiple Paul Harris Fellow.

Foundation recognition points belong to the original donor until the donor uses the points or until the donor’s death, at which time they expire (unless the donor is a Major Donor, in which case their points may be used by their surviving spouse or partner).

Note: Foundation recognition points do not count toward Paul Harris Society and Major Donor recognition.

Transfer rules

A minimum of 100 Foundation recognition points must be transferred at a time, and an authorizing signature is required when you complete the Paul Harris Fellow Recognition Transfer Request Form.

Note: Foundation recognition points may not be transferred from individuals to a club or district. Donors no longer need to be a Paul Harris Fellow to receive recognition points.